નાનપુરાની ખખડી ગયેલી બહુમાળી બિલ્ડિંગમાં જીવના જોખમે લોકો સરકારી કામ કરાવવા જાય છે

# બહુમાળી બિલ્ડિંગ ખતરનાક બની

**સરકારી** કચેરીઓમાં રોજના હજારો લોકોના જીવ જોખમમાં છતાં બેફિકર માર્ગ મકાન વિભાગ

**અનેક** માળના છતના સ્લેબના પોપડા અને સળિયા દેખાઈ રહ્યા છે

**ભંગાર** અને ગંદકી વચ્ચે ચાલે છે સરકારી કામગીરી

સુરતઃ સુરત શહેરની વચ્ચોવચ નાનપુરા ખાતે આવેલી બહુમાળી કચેરી બિલ્ડિંગ, જે એક સમયની સરકારી તંત્રના હાર્દ સમાન ગણાતી હતી. વર્ષો બાદ આજે ધ્વસ્ત સ્થિતિમાં પહોંચી ગઈ છે. પાંચ દાયકા પહેલાં નિર્માણ થયેલી આ બિલ્ડિંગના અનેક માળો હવે દુર્ઘટના સર્જી શકે તેવી ખતરનાક હાલતમાં છે. છતાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા કોઈ અસરકારક પગલાં લેવાતા નથી.

બહુમાળી બિલ્ડિંગના દરેક માળ પર ભંગારના ઢગલા કરી દેવાયા છે. બિલ્ડિંગમાં સ્ટેમ્પ ડ્યુટી, સબરજીસ્ટ્રાર, ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ, બોઈલર ઈન્સ્પેક્ટર, ડી.આઈ.એલ.આર. અને જીએસટી જેવી મહત્વપૂર્ણ કચેરીઓ કાર્યરત છે, જ્યાં રોજના હજારો લોકો કામકાજ માટે આવતા હોય છે. મોટાભાગના માળોના પોપડા ખરી પડ્યા છે, સ્લેબમાંથી સળિયા દેખાઈ રહ્યા છે, બિલ્ડિંગમાં રખડતાં કુતરાં, તૂટેલી ટાઈલ્સ અને ગંદકીથી ભરેલા શૌચાલયો જેવી દયનીય સ્થિતિ જોવા મળે છે. છતાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા કોઈ પણ પ્રકારની દરકાર આ કચેરીની રાખવામાં આવી રહી નથી. બિલ્ડિંગમાં ઠેર ઠેર વાયરો લટકતા દેખાય છે. અનેક જોખમોની વચ્ચે આ કચેરીમાં હજારો લોકોની રોજની અવર જવર થઈ રહી છે.

આટલું જ નહી પણ બીજી અનેક સરકારી કચેરીઓની આવી જ હાલત છે. બે ચાર વર્ષ પહેલા બનેલી બિલ્ડિંગોમાં શૌચાલયો તૂટી ગયા છે. ટાઈલ્સો ઉખડી ગઈ છે. દિવાલો ઉપર તિરાડો પડી ગઈ છે.












### બહુમાળી બિલ્ડિંગને તોડવાનું હાલ માંડી વળાયું

માર્ગ અને મકાન વિભાગે આ બિલ્ડિંગ તોડી કચેરીઓને હંગામી ધોરણે અન્યત્ર ખસેડવાની યોજના બનાવી હતી, પરંતુ હવે એ વિચાર માંડી વાળ્યો છે. રિંગ રોડ પર મહાનગર પાલિકા દ્વારા બનેલી બે બિલ્ડિંગોમાંથી એક રાજ્ય સરકારની માલિકીની હોવાથી, સરકારી કચેરીઓને ત્યાં ખસેડવાની નવી યોજના છે. પરંતુ એ બિલ્ડિંગ હજુ તૈયાર નથી, એટલે અત્યાર સુધી હજારો લોકો જોખમ ભરેલા માળોમાં જ આવનજાવન કરે છે.

### સરકાર અને વિભાગની ઉદાસીનતા પર સવાલ

બિલ્ડિંગની હાલની સ્થિતિ જોતા કોઈ પણ સમયે દુર્ઘટના સર્જાઈ શકે તેવી શક્યતા હોવા છતાં માર્ગ અને મકાન વિભાગ નિષ્ક્રિય છે. પ્રશ્ન એ છે કે આટલી ગંભીર સ્થિતિ છતાં નકરા પ્રયાસો કેમ નથી થઈ રહ્યા? શહેરના નાગરિકો અને કર્મચારીઓના જીવ જોખમમાં મૂકીને સરકારી તંત્ર જવાબદારીથી ભાગતું નથી?

### નવી કલેક્ટર ઓફિસના ડિઝાઈન પર પણ પ્રશ્નો ઊઠ્યા

સુરત કલેક્ટર ઓફિસ માટે પીપલોદ ખાતે નવી બિલ્ડિંગ બાંધવાની યોજના અગાઉના કલેક્ટર આયુષ ઓક દ્વારા આધુનિક અને ગ્રીન બિલ્ડિંગ કોન્સેપ્ટ સાથે તૈયાર કરવામાં આવી હતી. આશરે 47 કરોડના ખર્ચે 10 માળની બિલ્ડિંગ બનાવવાની હતી. પરંતુ હવે માર્ગ અને મકાન વિભાગે આ ડિઝાઈનમાં ફેરફાર કરીને ફક્ત 3-4 માળની ટીપીકલ સરકારી બિલ્ડિંગ બનાવવાનું નક્કી કર્યું છે, એ પણ એટલા જ ખર્ચે! આ નિર્ણયને કારણે ભવિષ્યમાં વધતી કચેરીની જરૂરિયાતોને અવગણના માર્ગ અને મકાન વિભાગ કરી રહી છે. ખાસ કરીને બેઝમેન્ટ પાર્કિંગની વ્યવસ્થા પણ રદ્દ કરવામાં આવી છે, જેના કારણે સરકારી કચેરીમાં વધતી ટ્રાફિક અને પાર્કિંગ સમસ્યાને વધુ વેગ મળી શકે છે.



પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

# પુનગામ નજીક સતત બીજા દિવસે ટ્રાફિકજામ

**અનેક** વાહનચાલકો કલાકો સુધી ટ્રાફિકમાં અટવાયા

અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વરના પુનગામ નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેની કનેક્ટિવિટી શરૂ થતાં સતત બીજા દિવસે ભારે ટ્રાફિકજામ સર્જાયો હતો.

અંકલેશ્વરથી હાંસોટને જોડતા સ્ટેટ હાઈવે પર વાહનોની લાંબી કતાર લાગી ગઈ છે. જેના કારણે અનેક વાહનચાલકો કલાકો સુધી ટ્રાફિકમાં અટવાયા હતા.

દિવાળીના તહેવારો પૂર્વે વાહન વ્યવહાર વધતાં પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. ટ્રાફિક નિયંત્રણ માટે કોઈ પોલીસકર્મી હાજર ન હોવાને કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા મુજબ પુનગામ નજીક એક્સપ્રેસ વે સાથે જોડાયેલો માર્ગ અત્યંત સાંકડો છે.

# હીરા વેપારી સાથે ૩૪.૭૧ લાખની છેતરપિંડી

**ઠગબાજો** ઈશ્વર 'ભુતીયા' સહિત ત્રણ દલાલ વિરુદ્ધ મહિધરપુરા પોલીસે ગુનો નોંધ્યો

સુરત : શહેરના હીરા વેપાર જગતમાં ફરી એક છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. પાલ મધુવન સર્કલ પાસે ગ્રીન આર્કેડમાં રહેતા હીરા વેપારી વિષ્ણુભાઈ દેવચંદભાઈ સિલ્વાની ફરિયાદ મુજબ આરોપી ઈશ્વરભાઈ જેસીંગભાઈ પરમાર ઉર્ફે ભુતીયા (રહે, શ્રીજી સોસાયટી, બંબાગેટ નજીક, કાપોદ્રા, સુરત) અને તેની ઓફિસ સરદાર ચોક નજીક માવાણી ચેમ્બર્સની ત્રીજી માળ પર આવેલી છે.

ઈશ્વરભાઈએ હીરા દલાલ દિનેશભાઈ વી. પ્રજાપતિ (રહે. નવસારી) તથા ધવલભાઈ નથુભાઈ કાકડીયા (રહે. વરાછા) ની મદદથી વેપારના બહાને છેતરપિંડીની યોજના રચી હતી. તારીખ ૦૭/૦૭/૨૦૨૫ના રોજ ઈશ્વરભાઈએ પ્રથમ દલાલ દિનેશભાઈ પ્રજાપતિ મારફતે ૪૫ દિવસની ઉધારીના વાયદે રૂપિયા ૯,૯૦,૪૯૨ના હીરા લીધા હતા. ત્યારબાદ તેણે ધવલભાઈ કાકડીયા મારફતે વધુ હીરાનો માલ માગ્યો હતો. જેના માટે વિષ્ણુભાઈએ પોતાના ઓળખીતા વેપારી આકાશ અશોકભાઈ સંઘવી પાસેથી ૧૮૬.૨૬ કેરેટના હીરા રૂપિયા ૨૪,૮૦,૯૮૩ના મેળવી ઈશ્વરભાઈને ૨૬/૦૭/૨૦૨૫ના રોજ આપ્યા હતા.

બંને વ્યવહારોને મળીને કુલ રૂપિયા ૩૪,૭૧,૪૭૪ની ચુકવણી થવાની હતી. પરંતુ અનેકવાર માંગણી કર્યા છતાં ઈશ્વરભાઈ તથા દલાલોએ ટાળટૂલ શરૂ કરી, બાદમાં ફોન ઉપાડવાનું બંધ કર્યું અને તેમની ઓફિસ બંધ કરી ફરાર થઈ ગયા હતા. વેપારીને છેતરાયા હોવાની ખાતરી થતાં તેણે મહિધરપુરા પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી.

### અમરોલી કોસાડ રોડ ઉપર દોડતી કાર સળગી

સુરતઃ અમરોલી કોસાડ રોડ સ્થિત વેદાંત રેલ્વે ફાટક પાસે શનિવારે સાંજે એક કારમાં આગ લાગી જતાં ભાગદોડ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ કોસાડ ફાયર સ્ટેશનનો કાફલો સ્થળ ઉપર પહોંચી આગ ઓલવવાની કવાયતમાં લાગી ગયો હતો. ફાયર બ્રિગેડના સૂત્રોએ જણાવ્યું હતું કે, કોસાડ રોડ ઉપર આવેલાં રેલવે ફાટક નજીકથી પસાર થઈ રહેલી વોલ્વો કારના બોનેટમાં અચાનક સ્પાર્ક થયા બાદ આગ લાગવાની શરૂઆત થઈ હતી. દરમિયાન કારનો ચાલક કારને એક બાજુએ ઊભી રાખીને બહાર નીકળી ગયો હતો. બાદમાં ફાયર કંટ્રોલને જાણ કરવામાં આવતા કોસાડ ફાયર સ્ટેશનનો કાફલો સ્થળ ઉપર પહોંચી ગયો હતો.અમે સતત પાણીનો મારો ચલાવી આગને ગણતરીની મિનિટોમાં જ કાબૂમાં કરી હતી.

### કૂકર ફાટતા દાઝી જતાં હજીરાની મહિલાનું મોત

સુરત : હજીરા ખાતે રહેતી મહિલાનું ગંભીર રીતે દાઝી જતા સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મૂળ બિહારના વતની અને હાલમાં હજીરાના માતા ફળિયામાં રહેતા મોહમ્મદ અલી હુસેન ખાનગી કંપનીમાં હેલ્પર તરીકે નોકરી કરે છે. તેમની 36 વર્ષીય પત્ની મુરતબીબી 13 ઓક્ટોબરે ઘરે રસોઈ બનાવી રહી હતી. દરમિયાન અકસ્માતે ગેસ ઉપર મૂકેલું કુકર ફાટી ગયું હતું. જેથી મુરત બેબી ગંભીર રીતે શરીરના અલગ અલગ ભાગે દાઝી ગઈ હતી. જેથી પરિવારજનો તેમને 108 એમ્બ્યુલન્સમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું શનિવારે સવારે મોત નિપજ્યું હતું.

# મોંઘવારી વધે તો ભરણપોષણ પણ વધારવું પડે : કોર્ટ

**પતિ** ખોટી આવક પુરવાર કરવામાં નિષ્ફળ જતાં કોર્ટે પત્ની અને પુત્રના ભરણપોષણની રકમમાં વધારો કર્યો

**કોર્ટે** પત્ની અને બાળકની વર્તમાન જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અગાઉના આદેશને અપૂરતો માની ભરણપોષણની રકમ વધારી



સુરતઃ શિક્ષક પતિએ દ્વારા પોતાની સાચી આવક છુપાવવા અને બચતના નામે પોતાના પગારમાં ઘટાડો દર્શાવવાના કેસમાં કોર્ટે ભરણપોષણની રકમ વધારવાનો હુકમ કર્યો હતો. શિક્ષક પતિએ માસિક આવક રૂ. 30 હજાર દર્શાવી હતી. જ્યારે કોર્ટ સમક્ષ રજૂ થયેલા પુરાવા મુજબ તેમની વાસ્તવિક આવક રૂ.56 હજાર હતી. કોર્ટે બચત કપાતને પણ તેમની આવકના ભાગ તરીકે ધ્યાનમાં લીધી હતી. અરજદાર બહેને વર્ષ 2009માં મહારાષ્ટ્રના શિરપુરના રહેવાસી પ્રદીપ સાથે લગ્ન કર્યા હતા. તેમને એક પુત્ર છે, જે હાલમાં માતા સાથે રહે છે. લગ્ન બાદથી તેણીને તેના પતિ અને સાસરિયાઓ દ્વારા દહેજ બાબતે ત્રાસ આપવામાં આવતો હતો, તેણીને માર મારતો હતો અને દારૂના નશામાં તેણી સાથે દુર્વ્યવહાર પણ કરતો હતો. ગર્ભાવસ્થા દરમિયાન પણ આ દુર્વ્યવહાર ચાલુ રહ્યો હતો. અંતે વર્ષ 2011માં તેણીએ તેના પુત્ર સાથે તેના માતાપિતાના ઘરે આશરો લીધો હતો અને ન્યાય માટે સુરત ફેમિલી કોર્ટમાં અરજી કરી હતી. અરજી અંતર્ગત વર્ષ 2015માં કોર્ટે પતિને તેની પત્નીને માસિક 6000 રૂપિયા અને તેના પુત્રને 5000 રૂપિયા ભરણપોષણ ચૂકવવાનો આદેશ આપ્યો હતો, જે કુલ 11000 રૂપિયા થાય છે. જોકે, સમય જતાં મોંઘવારી વધતી ગઈ, ખર્ચ વધ્યો અને પતિનો પગાર પણ વધ્યો. તેથી પત્નીએ પોતાના અને તેના પુત્ર માટે ભરણપોષણમાં વધારો કરવાની માંગ કરી હતી. સુનાવણી દરમિયાન પત્નીના એડવોકેટ પ્રીતિ જીગ્નેશ જોશીએ પોતાની દલીલો રજૂ કરી હતી. અંતિમ સુનાવણી બાદ કોર્ટે પત્ની અને બાળકની વર્તમાન જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અગાઉના આદેશને અપૂરતો માની પતિની વાસ્તવિક આવકને ધ્યાનમાં રાખીને પત્નીને 10000 રૂપિયા અને પુત્રને 7000 રૂપિયા, જે કુલ 17000 રૂપિયા પ્રતિ માસ ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

# કતારગામ-પીપલોદના પ્રોપર્ટી કાર્ડ, રેકર્ડ અને નકશા જાહેર

**મહેસૂલ** હેઠળ પ્રમોલગેશન, જાહેર જનતા 5મી નવેમ્બર સુધી વાંધા રજૂ કરી શકશે

સુરતઃ સુરત શહેરના કતારગામ અને ચોર્યાસી તાલુકાના પીપલોદ વિસ્તારના અમુક ભાગોને હવે જમીન મહેસુલ અધિનિયમ હેઠળ સિટી સર્વેમાં દાખલ કરવાની પ્રક્રિયા શરૂ થઈ છે.

આ વિસ્તારો માટે સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટની કચેરીઓ દ્વારા તૈયાર કરાયેલા પ્રોપર્ટી કાર્ડ, રેકર્ડ અને નકશાઓને જાહેર જનતા માટે ખુલ્લા મુકવામાં આવ્યા છે.

કતારગામ વિસ્તાર માટે સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ નં.૧ની કચેરીના શીટ નં.૧૦૦ના ચાલત નં.૧૮૯નો રેકર્ડ તૈયાર કરવામાં આવ્યો છે,

જે તા.૩૦ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ પ્રમાણિત થવાનો છે. આ રેકર્ડ બહુમાળી મકાન, નાનપુરાના એ-બ્લોકના સાતમા માળે કાર્યરત સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ નં.૧ની કચેરીમાં જાહેર નિરીક્ષણ માટે મુકવામાં આવ્યા છે. જો કોઈ વ્યક્તિ કે સંસ્થાને પ્રોપર્ટી કાર્ડ, નકશા અથવા રેકર્ડ અંગે વાંધો હોય તો તે તા. ૩૦મી ઓક્ટોબર સુધી લેખિતમાં રજૂ કરી શકે છે.

તે જ રીતે, ચોર્યાસી તાલુકાના પીપલોદ ટી.પી.૦૬ વિસ્તારને સિટી સર્વેમાં દાખલ કરવા માટે સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ નં.૪ની કચેરીના શીટ નં.૧૬, ચાલત નં.૧૪નો રેકર્ડ તૈયાર કરવામાં આવ્યું છે, જે તા. ૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ પ્રમાણિત થવાનો છે. આ રેકર્ડ સી-બ્લોકના છઠ્ઠા માળે કાર્યરત સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ નં.૪ની કચેરીમાં જાહેર જનતા માટે ખુલ્લો મુકાયો છે. વાંધા કે રજૂઆતો તા. ૫ નવેમ્બર સુધી સ્વીકારવામાં આવશે.

### લાખો પ્રોપર્ટી કાર્ડ મળ્યાં નથી

સુરત શહેરમાં હજી પણ લાખો મિલકતદારોને મિલકતોના પ્રોપર્ટી કાર્ડ મળ્યા નથી. ખાસ કરીને રાંદેર, અડાજણ, ઉધના અને પાંડેસરા જેવા વિસ્તારોમાં હજારો મિલકતોના રેકર્ડ અને પ્રોપર્ટી કાર્ડની પ્રક્રિયા અધૂરી છે.







# મહિલાના આપઘાત કેસમાં સાસુ, નણંદને જામીન

**આરોપો** જૂના અને અસ્પષ્ટ, લગ્નને ૯ વર્ષ થયા છતાં કોઈ પહેલાની ફરિયાદ નથીઃ બચાવ પક્ષ

સુરતઃ લિંબાયતમાં રહેતી પરિણીતાના આત્મહત્યા કેસમાં કોર્ટે આરોપી સાસુ અને નણંદને રેગ્યુલર જામીન મંજૂર કર્યા હતા. ઘટનાની વિગતો અનુસાર, મોનીકાના લગ્ન શોબન બિક્ષમ પામુલા સાથે થયા હતા. લગ્ન વખતે સાસરી પક્ષે ૧૦ તોલા સોનું અને ૩ લાખ રૂપિયાની દહેજની માંગણી કરી હતી. મોનીકાના પરિવારે ૧૦ તોલા સોનું અને ૨ લાખ રૂપિયા આપ્યા હતા, પરંતુ બાકીના ૧ લાખ રૂપિયા અને વધુ ૨૫ હજાર રૂપિયાની માંગણી કરીને તેને હેરાન કરવામાં આવી હતી. તેને કામને લઈને મ્હેણાંટોણાં મારે છે, ગાળો આપે છે અને માર મારે છે. જો તારા ઘરવાળા પૈસા નહીં આપે તો અમે તને શાંતિથી રહેવા નહીં દઈએ." આ ત્રાસથી કંટાળીને મોનીકાએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.

આ કેસમાં શોબન (પતિ), પદમા (સાસુ), સંદીપ (દિયર) અને અનુશા (નણંદ) સામે લિંબાયત પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. આરોપી પદમા અને અનુશા તરફથી વકીલ રોહન કિરીટ પાનવાલાએ જામીનઅરજીમાં દલીલ કરી હતી કે, ફરિયાદમાં કરાયેલા આરોપો જૂના અને અસ્પષ્ટ છે. તેમાં કોઈ ચોક્કસ સમયનો ઉલ્લેખ નથી, આરોપો સામાન્ય અને ઉપજાવી કાઢેલા લાગે છે. લગ્નને ૯ વર્ષ થયા હોવા છતાં કોઈ પહેલાની ફરિયાદ કરાઈ નથી,




